====================================================================

**<u>મહુવાના મહે. એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ,મહુવા.</u>**

ફો.કે.નં.૩૩૯/૨૦૨૬

ફરીયાદી શ્રી સરકાર આંક–

વિ.

આરોપી શાંતુબેન ગોબરભાઈ બારૈયા,
રહે. નેસવડ,તા.મહુવા, જી.ભાવનગર.

**બાબત : પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ)મુજબ**

(૧) આરોપી કોર્ટમા હાજર થતા, તેમને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવી. આ કામના આરોપી હાજર થઈ ગુનો કબુલ કરવા માંગતા હોય, આજરોજ તેઓની પ્લી લેતા તેઓએ તેમની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જે બાદ આરોપીએ કબુલાત પુરસીસ આપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જેથી આરોપીને કાયદાની સજાની જોગવાઈથી વાકેફ કરેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે. કુટુંબના તમામ સભ્યોની જવાબદારી તેમના શીરે છે. તેમનો પ્રથમ ગુનો છે, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે, ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે, અંતમા રહેમ રાખવાની અરજ કરેલ છે. વધુમાં આરોપીને કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આપવામા આવેલ છે. આમ છતા આરોપી રાજીખુશીથી સ્વેચ્છાએ સદરહુ ગુનો કબુલ કરે છે આ સંદર્ભમાં **૨૦૦૫(૧) જી.એલ.આર પાનાં નં.૭૦૯, ગુજરાત સરકાર વિ. નટવર હરચંદજી ઠાકોર**ના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ ચુકાદો ધ્યાને લેતા, કાયદામાં ઠરાવેલ ચુકાદો ધ્યાને લેતા,કાયદામાં ઠરાવેલ ઓછામા ઓછી સજા કરતા પણ ઓછી સજા ખાસ વિશિષ્ટ કારણોસર ફરમાવવાની અદાલતને સત્તા છે અને સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે જેથી આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું માનુ છુ. વિશેષમાં જો આરોપીને જેલમાં મોકલવામાં આવે તો તેમના બાળકો, તેમના પરિવાર અને આર્થિક પરિસ્થિતી ઉપર પણ વિપરીત અસર થાય તેમ જણાય છે તેમજ પરિવારના ભરણ–પોષણનો સવાલ ઉભો થાય તેમ છે.વિશેષમાં આરોપીને જેલમાં મોકલવાથી જેલમાં અન્ય ગુનાહીત માનસ ધરાવતા અલગ

====================================================================

અલગ ઈસમોના સંપર્કમાં આવવાથી આરોપીના માનસ ઉપર વિપરીત અસર થાય તેમ છે. સદરહું આરોપી આજ રોજ પ્રથમ મુદતે હાજર રહેલ હોય તથા આરોપીનો પ્રથમ ગુન્હો હોય, આરોપીએ ગુન્હો કબુલ કરેલ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:-હુકમ:-**

(૧) આ કામના આરોપી શાંતુબેન ગોબરભાઈ બારૈયા નાઓને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ-૨૭૫ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ),મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૫ મી, મે, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૫/૨૦૨૬
સ્થળ-મહુવા.

(હિતેશકુમાર બુધાભાઈ શર્મા)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મહુવા.
કોડ નં.જીજે૦૧૧૪૭

**એ.એમ.વાળા**